# દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના ધારાધોરણ

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના ધારાધોરણ નીચે મુજબ રહેશે.

## ૧. <u>સભ્ય પદ</u> :–

(અ) ગુજરાત રાજય કે ભારતમાં સ્થપાયેલ જુદા જુદા દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજોનાં સભ્યપદ ધરાવતા ૧૮ વર્ષ કે તેથી ઉપરની કોઈપણ આદિવાસી ચૌધરી (અનુ.જનજાતિ) ની વ્યકિત સભ્ય બનવાને હકકદાર બને છે, ઉપરાંત મુળવતન દક્ષિણ ગુજરાતમાં વસતા અનુ.જનજાતિનાં કોઈપણ ચૌધરી સભ્ય નોમીનલ સભ્ય ફી, પ્રાથમિક સભ્ય ફી કે આજીવન સભ્ય ફી જમા કરાવીને સભ્ય બની શકે છે, તેમણેચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં બંધારણીય જોગવાઈઓ પાળવા અને વફાદાર રહેવા સંમત થવાનું રહેશે તથા નિયત થયેલ વાર્ષિક ફી જમા કરાવવાની રહેશે.

(બ) નાદાર, જુગારી, દારૂડીયા, ગાંડપણ વાળા અગર કાયદેસર ગેરલાયક ઠરેલ હોય અને તેની સામે નૈતિક અધ:પતનને લગતો ફોજદારી ગુનો સાબિત થયો હોય, સમાજ ઘ્વારા બહિસ્કૃત થયેલ હોય તેવા સભ્યો સભ્યપદ મેળવી શકશે નહીં. આવા સભ્યો સભ્યપદ ધરાવતા હશે તો પણ તેઓને સભ્યપદેથી દૂર કરવામાં આવશે.

(ક) આ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં ઉદ્દેશો પાર પાડવા માટે મુકરર ફીની સાથે સમાજના સભ્યોએ પોતાની આવકનો ૧ ટકો સ્વૈચ્છિક ફાળો આપવાની બાંહેધરીની જાહેરાત કરી શકશે.

## ૨. <u>સભ્યપદનાં પ્રકારો</u> :–

સભ્યપદ (૧) નોમીનલ સભ્ય (૨) પ્રાથમિક સભ્ય (૩) આજીવન સભ્ય (૪) સંસ્થા (૪) તાલુકા યુનિટ પ્રકારનાં રહેશે. તે માટે કારોબારી ઠરાવે તે જરૂરી ફી જમા થયે અને સભ્યપદ મંજૂર થયેથી સભ્યપદ મેળવી શકશે, કોઈપણ ફી પરત કરવા પાત્ર રહેશે નહીં.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | પ્રવેશ ફી | – | રૂ.૫–૦૦ | દરેક સભ્ય માટે ફરજીયાત |
| (૨) | નોમીનલ સભ્ય ફી | – | રૂ.૨૧–૦૦ | ફકત નોમીનલ સભ્યપદ માટે. |
| (૩) | પ્રાથમિક સભ્ય | – | રૂ.૧૦૧–૦૦ | દર વર્ષે વાર્ષિક ફી જમા કરાવનાર. |
| (૪) | આજીવન સભ્ય | – | રૂ.૧૦૦૧–૦૦ | ફકત એક વખત ફી જમા કરાવનાર. |
| (૫) | સંસ્થા સભ્ય ફી | – | રૂ.૫૦૧–૦૦ | ફકત એક વખત ફી જમા કરાવનાર સંસ્થા. |
| (૬) | તાલુકા યુનિટ સભ્ય ફી | – | રૂ.૨૧–૦૦ | નોમીનલ સભ્ય ફી, વાર્ષિક પ્રાથમિક રૂ. ૧૦૧–૦૦સભ્ય ફી અથવા આજીવન સભ્ય ફી જમા રૂ. ૧૦૦૧–૦૦ કરાવનાર. |

## ૩. <u>પ્રાથમિક સભ્ય</u> :–

કલમ–૧ (અ) (બ)ની લાયકાત ધરાવતા જુદા જુદા ચૌધરી (અનુ.જન.જાતિ) સમાજોનાં સભ્યો તેમજ મુળવતન દક્ષિણ ગુજરાતમાં વસતા અનુ.જનજાતિનાં કોઈપણ ચૌધરી સભ્યો દર વર્ષે રૂા. ૧૦૧–૦૦ વાર્ષિક ફી જમા કરાવીને પ્રાથમિક સભ્યપદ જાળવી શકશે. વાર્ષિક ફી ન જમા કરાવે તેવા સભ્યની જે તે વર્ષ પુરતી હેસિયત નોમીનલ સભ્ય જેવી રહેશે. બાકી વાર્ષિક ફી જમા કરાવ્યા બાદ પુનઃ તમામ હકકો ધરાવતા થશે.

## ૪. <u>આજીવન સભ્ય</u> :–

કલમ–૧ (અ) (બ)ની લાયકાત ધરાવતો કોઈપણ સભ્ય રૂા. ૧૦૦૧–૦૦ ફકત એક વખત જમા કરાવીને આજીવન સભ્યપદ મેળવી શકશે. ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની કારોબારી માટે તથા હોદ્દાઓ માટે આજીવન સભ્યપદ ધરાવનાર સભ્યને જ લાયક ગણવામાં આવશે.

## ૫. <u>નોમીનલ સભ્ય</u> :–

નોમીનલ સભ્ય રૂા. ૨૧–૦૦ આપીને સભ્યપદ મેળવી શકશે. નોમીનલ સભ્ય કારોબારીમાં સ્થાન મેળવી શકશે નહીં. વોટીંગનો હકક પણ રહેશે નહીં.

## ૬. <u>સંસ્થા સભ્ય</u> :–

નોંધાયેલ જુદા જુદા ચૌધરી (અનુ.જન.જાતિ) ના સમાજો રૂા. ૫૦૧–૦૦ ફી જમા કરાવીને તેમનું સભ્યપદ મેળવી શકશે, જુદા જુદા ચૌધરી સમાજોમાં જોડાયેલા સભ્યો જરૂરી ફી ભરીને ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) માં પ્રાથમિક સભ્યપદ મેળવશે, પરંતુ પ્રાથમિક સભ્યપદે ચાલું રહેવા દર વર્ષે તેમનાં સમાજ મારફતે ફેડરેશનને વાર્ષિક ફી રૂા. ૧૦૧–૦૦ જમા કરાવવાની રહેશે, અથવા આજીવન સભ્ય ફી એક વખત ભરવાની રહેશે.

## ૭. તાલુકા <u>યુનિટ સભ્ય</u> :–

જે વિસ્તારોમાં ચૌધરી (અનુ.જન.જાતિ) ના સમાજોની રચના થયેલ નથી તેવા ચૌધરીઓ (અનુ.જન જાતિ) ની વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં દરેક ગામમાં ગ્રામ સમિતિની રચના કરીને તાલુકા દીઠ એક યુનિટની રચના કરવામાં આવશે, જેમાં નોમીનલ સભ્ય, પ્રાથમિક સભ્ય અને આજીવન સભ્યોનો સમાવેશ હશે, તેની ફરજો અને હકકો નોંધાયેલ ચૌધરી સમાજો જેવી જ હશે. યુનિટના સંચાલન માટે કારોબારી ઠરાવે તે નિભાવ ખર્ચ આપી શકાશે.

## ૮. <u>સભ્યની ગેરલાયકાત</u> :–

(અ) રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિને ઉત્તેજન આપનાર, મગજની અસ્થિરતા કે ગાંડી વ્યકિતને કોઈપણ ચૌધરી સમાજ/સંસ્થાની તે સભ્ય હશે તો પણ સભ્ય તરીકે દાખલ કરવામાં આવશે નહીં. સભ્ય હશે તો પણ સભ્યપદ રદ કરવામાં આવશે. ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) વિરોધી પ્રવૃત્તિને ઉત્તેજન આપનાર વ્યકિતને સભ્યપદેથી દૂર કરવા જે

તે સમાજની કારોબારીની તથા તાલુકા યુનિટનાં બહુમતી સભ્યોની રજુઆત/ઠરાવને ધ્યાને લઈને ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન)ની કારોબારી નિર્ણય કરશે.

(બ) મરણ, રાજીનામું મંજુર થયે, બરતરફી/રદ, નાદારી, જુગારી, દારૂડીયો અગર કાયદેસર નાલાયક ઠરવાથી અને તે સામે નૈતિક અધઃપતનને લગતો ફોજદારી ગુનો સાબિત થવાથી તથા સમાજ ધ્વારા બહિસ્કૃત કરવાથી સભ્યપદ આપોઆપ સમાપ્ત થયેલ ગણાશે.

(ક) કોઈ પણ સભ્યનું જે બાબતનું તેનું અંગત હિત હોય તેની ચર્ચા વખતે સભામાં હાજર રહેશે નહીં. અને મત આપશે નહીં. પરંતુ તેના હિત વિરૂધ્ધનો કોઈ પણ નિર્ણય લેતા અગાઉ તેને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપવી જોઈએ.

(ડ) નિયત વાર્ષિક સભ્ય ફી ભરીને સભ્યપદ તાજુ ન કરાવવાથી સભ્ય પદ નોમીનલ ગણાશે. બાકી પડતી ફી ભર્યેથી સભ્ય પદ પુનઃ પ્રાપ્ત થશે.

## ૯. <u>સામાન્ય સભા</u> :–

ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની વાર્ષિક સામાન્ય સભા સામાન્ય રીતે વર્ષ પુરૂ થયા પછી ત્રણ માસમાં રોટેશન પ્રમાણે જુદા જુદા સ્થળોએ મળશે. સામાન્ય સભાની કાર્યસુચિ વાર્ષિક સામાન્ય સભાનાં ઓછામાં ઓછા એકવીસ દિવસ અગાઉ સર્વે સભ્યોને પાઠવવામાં આવશે. જેમાં નીચેની બાબતો હશે.

સામાન્ય સભામાં ૨/૩ સભ્યોની હાજરીનું કોરમ ગણાશે. જો કોરમ સામાન્ય સભા મુલતવી રાખી અડધા કલાક પછી બંધારણીય રીતે ફરીથી પ્રમુખ/મહામંત્રી સામાન્ય સભાની કાર્યવાહી કરશે જેમાં હાજર રહેલા સભ્યોએ કરેલ કાર્યવાહી માન્ય ગણાશે.

(૧) અગાઉની સામાન્ય સભાની કાર્યવાહી વાંચવી અને બહાલ રાખવી.

(૨) નવી કારોબારી સમિતીનાં સભ્યોની ચૂંટણી/વરણી, બરતરફ/દુર કરીને બહાલી આપવા બાબત.

(૩) વાર્ષિક અહેવાલ અને ફેડરેશનનાં ઓડીટ કરેલા હિસાબોને મંજુર કરવા બાબત.

(૪) ફેડરેશનનાં નિયમો–બંધારણમાં સુધારા વધારાને ફેરબદલીની દરખાસ્ત, ચૂંટણીમાં નિયમો, પગારદારોને લગતાં નિયમો, સુધારવા, રદ કરવા, ઉમેરવા, નવા ઘડવા માટે ચર્ચા–વિચારણા કરી બહાલી આપવા બાબત.

(૫) આગામી વર્ષનું અંદાજપત્ર રજુ કરવા બાબત.

(૬) આગામી વર્ષની પ્રવૃત્તિ, ભાવિ કાર્યક્રમોની ચર્ચા કરવા બાબત.

(૭) કારોબારીએ ઘડેલા વહીવટી નિયમોને બહાલ રાખવા.

(૮) સાધારણ સભાની નોટીસમાં લખેલ ન હોય તેવી દરખાસ્ત સાધારણ સભામાં હાજર રહેલા સભ્યોના ૨/૩ સભ્યોની પરવાનગીથી લાવી શકશે.

(૯) સા. સભામાં કોઈ પણ પ્રશ્નની રજુઆત ૧૦ (દશ) દિવસ અગાઉ ફેડરેશનને લેખિતમાં મોકલી તેની મંજુરી મેળવી રજૂ કરી શકાશે.

(૧૦) કાર્યસૂચિમાં જણાવેલ અન્ય કામોની ચર્ચા કરવા બાબત.

(૧૧) પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવી બાબતોની ચર્ચા કરવા બાબત.

**૧૦. અસાધારણ સભા :–**

(૧) ૧૦ દિવસની નોટીસથી પ્રમુખ અથવા કારોબારી સમિતીના બહુમતી સભ્યો અસાધારણ સામાન્યસભા બોલાવી શરશે. તથા ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી ૨/૩ સભ્યોની સહી કરીને માંગણી કરશે ત્યારે અસાધારણ સભા બોલાવવામાં આવશે. પરંતુ અસાધારણ સભા બોલાવવાનો અંદાજીત સઘળો ખર્ચ કારોબારીને જમા કરાવ્યા બાદ અસાધારણ સભા બોલાવવાની રહેશે.

(૨) કારોબારી સમિતિ નિષ્ક્રીય જણાય, ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના હિત વિરુધ્ધ વર્તશે અથવા વિશ્વાસ ગુમાવતી જણાશે તો તેવા સંજોગોમાં કુલ સભ્ય સંખ્યાની ૨/૩ સભ્યોની માંગણીથી કારોબારી સમિતિને ૧૫–દિવસ અગાઉ નોટીસ આપી જાણ કરવાની રહેશે.

(૩) સભ્યોની કુલ સંખ્યાના ૨/૩ નું અસાધારણ સભાનું કોરણ ગણાશે. અસાધારણ સભા કામનો નિકાલ કરશે અને તે કાયદેસર ગણાશે. અસાધારણ સભાનું કામકાજ અને હાજરી અલગ ઠરાવ બુકમાં નોંધવામાં આવશે.

(૪) સભ્યોની માંગણીથી બોલાવેલ અસાધારણ સભા તે સભા પુરતો તેમનો પ્રમુખ ચુંટશે, પ્રમુખ તેના સાધારણ મત ઉપરાંત એક વધુ મત નિર્ણાયક મત તરીકે જયારે બન્ને બાજુ સરખા મત પડશે ત્યારે આપી શકશે.

## ૧૧. કારોબારી, ટ્રસ્ટી મંડળ, વ્યવસ્થાપક મંડળની સત્તા ફરજો અને કાર્યક્ષેત્ર.

ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની કારોબારી ઓછામાં ઓછી ૨૧ અને વધુમાં વધુ ૪૧ સભ્યોની બનેલી રહેશે. જેમાં ઓછામાં ઓછા ૫ (પાંચ) મહિલા પ્રતિનિધિઓનો તથા ૨ (બે) યુવા પ્રતિનિધિઓનો રોટેશન પ્રમાણે સમાવેશ કરવાનો રહેશે. ફેડરેશન સાથે જોડાયેલા ચૌધરી સમાજોના પ્રમુખો અને મંત્રીઓ હોદ્દાની રૂએ કારોબારીના સભ્યો ગણાશે, પરંતુ કોઈ ચૌધરી સમાજ પ્રમુખ અને મંત્રીના હોદ્દેદારો સિવાય અન્ય ચૌધરી સમાજના સભ્યને ફેડરેશનની કારોબારીમાં સમાવેશ કરાવવા માંગતા હોય તો, તે મુજબ ઠરાવ કરીને મોકલી શકશે.

મૂળ દક્ષિણ ગુજરાત સમાજમાંથી રાજયના કોઈ પણ શહેરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની યુવા સંગઠનની રચના કરી સંગઠનમાંથી બે યુવા પ્રતિનિધિઓને કારોબારીમાં સમાવેશ કરવામાં આવશે.

મેડીકલ, એન્જીનીયરીંગ ટેકનોલોજી, કાયદાકીય તથા શિક્ષણ, સાહિત્ય, સંશોધન, એગ્રીકલ્ચર અને સમાજ સેવા કે રાજકીય ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર તજજ્ઞ ચૌધરી (અનુ.જન.જાતિ) સમાજના અગ્રણીઓને ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની કારોબારીમાં સર્વાનુમતે કો.ઓપ્ટ કરીને સમાવેશ કરવામાં આવશે.

આ ઉપરાંત તાલુકા યુનિટ સભ્યો માટે જે તે તાલુકાની ચૌધરી (અનુ.જન.જાતિ) ની વસ્તીના ધોરણે એક અથવા વધુમાં વધુ બે સભ્યોને કારોબારીમાં સ્થાન આપવામાં આવશે. આ કારોબારીમાં વરણી પામેલા સભ્યો તાલુકા યુનિટના કન્વિનર રહેશે. તેમણે ગ્રામ્ય સ્તરે, તાલુકા સ્તરે સંગઠનનું માળખું કારોબારીની સંમતિ મેળવીને ગોઠવવાનું રહેશે. તથા તેનું સંચાલન પણ કરવાનું રહેશે. જો આવા સભ્યની વરણી ન થાય તો કારોબારીએ નિમેલા ચૂંટણી પંચના અધ્યક્ષના નેજા હેઠળ ચૂંટણી કરીને નિર્ણય લેવાશે. મતદાન જે તે તાલુકા યુનિટનાં સભ્યો પુરતું મર્યાદિત રહેશે.

આ તમામ સભ્યોમાંથી એક પ્રમુખ, ત્રણ ઉપપ્રમુખ, એક મહામંત્રી, ત્રણ સહમંત્રી, ત્રણ સંગઠન મંત્રી, તથા એક ખજાનચી અને એક આંતરીક ઓડીટરની રોટેશન પ્રમાણે વરણી કરવાની રહેશે. બિનહરીફ વરણી ન થાય તેવા સંજોગોમાં ચૂંટણી કરવાની રહેશે. કારોબારી તથા હોદ્દેદારોની મુદ્દત બે નાણાંકીય વર્ષની રહેશે.

**કોઈ પણ રાજકીય પક્ષનો હોદ્દો ધરાવતા હોય ત્યાં સુધી દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજના સભ્યો ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની કારોબારીમાં સ્થાન પામી શકશે પરંતુ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) માં કોઈ પણ હોદ્દો ધારણ કરી શકશે નહીં. ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નો કોઈ પણ હોદ્દેદાર કોઈ પણ રાજકીય પક્ષનો હોદ્દો ધારણ કરે તો ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નો હોદ્દો આપોઆપ રદ થઈ જશે.**

(૧) હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ પદ અને ગોપનીયતાના સોગંદ લેવાના રહેશે.

(૨) ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નાં ઉદ્દેશો પાર પાડવા માટે બંધારણની જોગવાઈ તથા સામાન્યસભાને આધિન રહીને નાણાંકિય ભંડોળ એકત્ર કરવું અને તેની તકેદારી રાખવાની જવાબદારી કારોબારીની રહેશે.

(૩) **ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના ટ્રસ્ટી તરીકેના તમામ હકકો અને સત્તાઓ જે તે વખતે રચાયેલ અને અમલમાં હોય તેવી કારોબારીને રહેશે. કારોબારી જ ટ્રસ્ટી મંડળ કે વ્યવસ્થાપક મંડળની ફરજો બજાવશે અને સર્વોપરી રહેશે.**

(૪) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં હેતુઓ બર લાવવા માટે થતા ખર્ચ અંદાજવાની મંજુરી આપવાની અને ખર્ચ પાડયા બાદ તેનાં સઘળા બીલો મંજુર કરવાનાં રહેશે.

(૫) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) તરફથી યોજવામાં આવતા ભાવી કાર્યક્રમો નકકી કરવાની સત્તા કારોબારીની રહેશે.

(૬) કારોબારીમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવાનો અધિકાર કારોબારીનો રહેશે. આમ છતાં જયારે એક સાથે ૧/૨ સભ્યોની જગ્યા ખાલી પડે ત્યારે આ જગ્યાઓ ભરવાનો અધિકાર સામાન્ય સભાને રહેશે.

(૭) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નો સઘળો વહીવટ કારોબારી કરશે અને તમામ જવાબદારીઓ બંધારણ અને સામાન્ય સભાને આધિન રહીને બજાવશે.

(૮) કારોબારી ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં વ્યવહારની ચકાસણી કારોબારી પૈકીના એક સભ્યની આંતરિક ઓડીટર તરીકે નિયુકિત કરી શકશે.

(૯) સમાન હેતુ પ્રવૃત્તિઓવાળી સંસ્થાઓ સાથે જોડાણ કરવાની સત્તા કારોબારીની ૨/૩ બહુમતીએ કરવાની રહેશે.

(૧૦) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) વતી સરકારી અથવા બીજી કોઈ જામનગીરી–અસ્કયામતો ખરીદવી–વેચવી–બદલો કરવો, ગીરો મુકવી–લેવી અથવા તેને લગતું બીજું કામ કાજ કરવું અને આવું કામ કરવા કારોબારીને સત્તા રહેશે.

(૧૧) મુદત દરમ્યાન રાજીનામું, મૃત્યુ અથવા અન્ય કારણોસર કારોબારી/હોદ્દેદારોની ખાલી પડેલ જગ્યા આજીવન સભ્યોમાંથી બાકી સમય માટે સર્વાનુમતે વરણી કરાશે.

(૧૨) કારોબારીની બેઠક ઓછામાં ઓછા દર બે માસે એકવાર રોટેશન પ્રમાણે જુદા જુદા સ્થળોએ મળશે.

(૧૩) નવા સભ્યો/યુનિટો દાખલ કરવા અને છૂટા કરવા.

(૧૪) સામાન્ય સભાની તારીખ, સમય, સ્થળ અને તેમાં કરવાના કામોનો કાર્યક્રમ નકકી કરવો.

(૧૫) વાર્ષિક અહેવાલ અને હિસાબો તૈયાર કરવા.

(૧૬) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના સંચાલન, વિકાસ અને ન્યાય માટે રજુઆત/દાવા, બચાવ કરવો અને તેને માંડવાળ કરવા અગર સમાધાન કરવું. વહીવટી નિયમો ઘડવા–ઉમેરવા–ફેરફાર અથવા રદ કરવા.

(૧૭) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના કામકાજનું ખર્ચ મંજૂર કરવું તથા વધારાના ભંડોળનું યોગ્ય રોકાણ કરવું.

(૧૮) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના કામકાજ માટે ઉદ્દેશો પાર પાડવા માટે સલાહકાર બોર્ડ અને જુદી જુદી સમિતિઓની નિમણુંક કરવી અને તેમની જરૂરી ફરજો અને સત્તાઓ સોંપવી.

(૧૯) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની મિલ્કત અને બીજા જોખમોનો પૂરતી કિંમતનો વીમો ઉતરાવવા વ્યવસ્થા કરવી.

(૨૦) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના ઉદ્દેશો પાર પાડવા કાયદા–કાનૂન, નીતિ–નિયમો તથા સામાન્ય સભાના ઠરાવોને આધિન રહીને બીજા તમામ કામો કરવા.

(૨૧) કારોબારીની સભા બોલાવવા માટે ઓછામાં ૧૫–દિવસની નોટીસ આપવી પડશે અને નોટીસમાં તારીખ, સમય, અને સ્થળ તથા કરવાના કામો જણાવવાનાં રહેશે.

(૨૨) કારોબારી સભાનું કોરમ ૧/૨ સભ્યોનું રહેશે. કોરમના અભાવે મૂલતવી રહેલ સભા તે જ સ્થળે અને તે જ કામે અડધા કલાક બાદ મળશે, જે કાયદેસરની ગણાશે.

(૨૩) આવશ્યક સંજોગોમાં સરકયુલેટીગ અથવા આધુનિક સંદેશા વ્યવહારના સાધનોથી મળેલ લેખિત ૧/૨ (અડધા) સભ્યોની સંમતિથી મળેલ સંદેશાથી કારોબારીની મીટીગ મળેલી ગણાશે.

(૨૪) કારોબારીની અપેક્ષાએ આવશ્યક સંજોગોમાં પ્રમુખ/મહામંત્રી ઠરાવ કરી શકશે અને ત્યાર પછીની કારોબારીમાં તેની બહાલી/મંજુરી મેળવવામાં આવશે.

## ૧૨. કારોબારી સભ્યોની ફરજો :–

(૧) કારોબારીમાં રજુ થતા કામોનો યોગ્ય નિકાલ કરવો.

(૨) સભ્યોનાં ખરાપણાં અને ચાલ ચલગતના પ્રમાણપત્રો આપવા.

(૩) કારોબારી સમિતી કોઈપણ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) માં જોડાયેલ કોઈપણ સમાજ કેસભ્યને સભ્યપદેથી અને હોદ્દેદારોને હોદ્દા પરથીદુર કરવાનો કે મુલતવી રાખવાનીસત્તા રહેશે. જો તે કે તેણી ફેડરેશનમાં હિત વિરુધ્ધનાં કાર્યો કરતા માલુમ પડશે અથવા બંધારણના વિચારો કે ભાવના વિરુધ્ધ કાર્ય કરતા હશે તો તે કે તેણીનું સભ્યપદ રદ કરવાની સત્તા પણ રહેશે. જો કે તેવી સંસ્થા સભ્ય કે હોદ્દેદારોને મહામંત્રી તરફથી નોટીસ આપ્યા બાદ પુરતી તક આપ્યા બાદ કારોબારી સમિતિમાં પુરતી વિચારણા ચકાસણી કરી નિર્ણય લેવાનો રહેશે અને તે આખરી બંધનકર્તા રહેશે.

(૪) પ્રમુખ/મહામંત્રી સિવાય અન્ય કોઈ પણ હોદ્દેદાર કે કારોબારી સભ્ય હોદ્દેની રૂએ કોઈ પણ પ્રકારનો પત્ર વ્યવહાર કરી શકશે નહી. પ્રમુખ/મહામંત્રીની મૌખિક અનુમતિ મેળવીને તાત્કાલિક જરૂર જણાય તેવા સંજોગોમાં પત્ર વ્યવહાર કરી શકશે પણ કરેલ પત્ર વ્યવહારની વિગતો આગામી કારોબારી બેઠકમાં અચૂક રજુ કરી બહાલી મેળવવાની રહેશે.

(૫) લાગલગાટ કારોબારીની ત્રણ મીટીંગમાં કશી પણ જાણ કર્યા વગર ગેરહાજર રહેનાર કારોબારીસભ્ય આપોઆપ કારોબારીનું સભ્યપદ ગુમાવશે તેની જગ્યાએ આજીવન સભ્યોમાંથી અન્ય સભ્યોની નિમણુંક કારોબારી બહુમતીથી કરી શકશે.

## ૧૩ કારોબારીની રચના :–

કારોબારીમાં નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક, વરણી અથવા બહુમતીથી કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) | પ્રમુખ | ૧ |
| (૨) | ઉપપ્રમુખ | ૩ |

| | | |
|---|---|---|
| (૩) | મહામંત્રી | ૧ |
| (૪) | સહમંત્રી | ૩ |
| (૫) | સંગઠનમંત્રી | ૩ |
| (૬) | ખજાનચી | ૧ |
| (૭) | આંતરીક ઓડીટર | ૧ |
| (૮) | કારોબારી સભ્યો | અન્ય |

કારોબારીની સંખ્યા ઓછામાં ઓછી ૨૧ અને વધુમાં વધુ ૪૧ ની રહેશે.

## ૧૪ અનુગામી ટ્રસ્ટી કારોબારી સભ્ય હોદ્દેદાર નિમવાની રીત

પરિશિષ્ટ–૨ મુજબ.

## ૧૫ વિવિધ સમિતિઓની રચના અને કાર્યક્ષેત્ર.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) સર્વાંગી વિકાસ માટે વિવિધ કામગીરીઓ કરવા નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવશે. જેમાં દરેક સમિતિમાં વધુમાં વધુ ૧૧ સભ્યો રહેશે. જેમાંથી એક સમિતિનો (ગૃપ) લીડર અને ૧૦ સભ્યો રહેશે. આ સમિતીઓએ પોતાના કાર્યક્ષેત્ર પુરતા જ નિર્ણયો લઈ કારોબારીને અહેવાલ કરવાનો રહેશે.

(૧) બંધારણ રજીસ્ટ્રેશન અને સુધારણા સમિતિ

(૨) સલાહકાર સમિતિ

(૩) સાંસ્કૃતિક સમિતિ

(૪) મહિલા વિકાસ સમિતિ

(૫) શિક્ષિત બેરોજગાર સમિતિ

(૬) લોક અધિકાર સમિતિ

(૭) દેવસ્થાન રક્ષા સમિતિ

(૮) શિક્ષણ સમિતિ

(૯) નાણાંકીય ભંડોળ સમિતિ

(૧૦) આરોગ્ય સમિતિ

(૧૧) પ્રચાર સમિત

(૧૨) ન્યાય સમિતિ

(૧૩) વિદ્યાર્થી સમિતિ

(૧૪) આપત્તિ વયવસ્થાપન સમિતિ

(૧૫) સામાજીક સમિતિ

(૧૬) વ્યસનમુકિત સમિતિ

રચાયેલ જુદી જુદી સમિતિઓના સભ્યો કારોબારીની બહાર ગણાશે. કોરમમાં તેમનો સમાવેશ થશે નહીં.

આ ઉપરાંત જરૂરીયાત મુજબ અન્ય સમિતિઓની રચના પણ કરી સમિતિઓને યોગ્ય સત્તાઓ અપાશે.

આ સમિતિના સભ્યો કારોબારીની બહાર રહીને કામ કરશે. તેમનો કારોબારી બેઠકના કોરમમાં સમાવેશ થશે નહીં. સમિતિઓની રચના, નિમણુંકો તથા કામગીરી સોંપવાની સત્તા કારોબારીને રહેશે. સમિતિઓ ઉપર નિયંત્રણ કારોબારીનું રહેશે. સમિતિઓની કામગીરીનો અહેવાલ મળ્યેથી તે અહેવાલનના અમલીકરણ અંગે કારોબારીએ નિર્ણય લેવાનો રહેશે.

## ૧૬. <u>હોદ્દેદારોની ફરજો / સત્તા :–</u>

### (અ) પ્રમુખ :

સામાન્ય રીતે પ્રમુખ કારોબારીસમિતીની બેઠક ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની વાર્ષિક સામાન્યસભા તથા અન્ય બેઠકોમાં પ્રમુખ સ્થાન સંભાળશે અને તેની કાર્યવાહીનું સંચાલન કરશે. વ્યવસ્થા જાળવશે અને ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના વિકાસ કામો ઉપર નજર રાખશે. હોદ્દેદારો/કારોબારી સાથે સંકલન રાખશે. ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) સંચાલિત સંસ્થાઓ વહીવટ ઉપર દેખરેખ રાખશે, તથા ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના નાણાંકીય વ્યવહાર કરવાની સત્તા રહેશે.

### (બ) <u>ઉપપ્રમુખ</u>

અન્ય રીતે મુકરર ન થયું હોય ત્યાં સુધી પ્રમુખની ગેરહાજરીમાં ત્રણેમાંથી એક ઉપપ્રમુખની ફરજો અને જવાબદારીઓ બજાવશે.

### (ક) મહામંત્રી

(૧) મહામંત્રીનેચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં કાર્યો પરનો સામાન્ય અંકુશ રાખવાની સત્તા આપવામાં આવશે અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(૨) પ્રમુખશ્રીના માર્ગદર્શન નીચે કામ કરશે.

(૩) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) વતી બધો પત્ર વ્યવહાર કરવો.

(૪) બેઠકની કાર્યવાહી નોંધ રાખવી.

(૫) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નો બધો રેકર્ડ રાખવો.

(૬) પ્રમુખની સલાહથી અથવા પ્રમુખની ગેરહાજરીમાં ત્રણે ઉપપ્રમુખોની સલાહથી કારોબારી સમિતિની બધી બેઠકો બોલાવવી અને વાર્ષિક બેઠકમાં કારોબારીની વરણી અંગેની જરૂરી કાર્યવાહી વ્યવસ્થા કરવી, તેમજ તેની કાર્યસૂચિ નોંધ તૈયાર કરવી. કારોબારી, વરણી બાદ હોદ્દેદારોના ફેરફાર રિપોર્ટ તૈયાર કરી મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રી, સુરતની મંજુરી મેળવવી.

(૭) જરૂર પડતા પત્રકો રીપોર્ટો વાર્ષિક સરવૈયા ઇત્યાદી રજુ કરવા.

(૮) કારોબારીની વખતો વખતની મંજુરીથી નકકી કરેલ રકમનો ખર્ચ કરવો અથવા મંજુરીની અપેક્ષાએ ખર્ચ કરવો.

(૯) માસિક અહેવાલો અને હિસાબો કારોબારી સમક્ષ રજુ કરવા.

(૧૦) જરૂરી તેમજ કાયદાને લગતી બધી બાબતોનેલગતા ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના કેસોનો નિકાલ કરવો.

(૧૧) કારોબારી સમિતીએ નિમેલી જુદી જુદી સમિતિઓનાં કામનો સમન્વય કરવાની કામગીરી કરવી.

(૧૨) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) માં નોંધાયેલા સભ્યોની સંપૂર્ણ નામાવલી જાળવણી.

(૧૩) વાર્ષિક સામાન્ય સભા કે અસાધારણ સભા માટેના મતાધિકાર ધરાવતા સભ્યોની નામાવલી રજુ કરવી.

(૧૪) અવાર નવાર કારોબારી સમિતિની સુચના મુજબની કોઈ પણ ફરજો બજાવવી અથવા હોદ્દા અનેચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના હિતને અનુરૂપ કોઈ પણ ફરજ બજાવવી.

(૧૫) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના નાણાંકિય વ્યવહારોની ફરજો બજાવવાની રહેશે.

(ડ) <u>સહમંત્રીઓ</u> :–

(૧) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના સંગઠને મજબુત કરવાની તેમજ મહાસંઘની પ્રવૃત્તિઓ ચાલુ રહે અને વિકાસ પામે તે માટેના પ્રયત્નો કરવાના રહેશે.

(૨) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) સાથે સંલગ્ન તમામ સમાજો સાથે સંકલનની કામગીરી કરવી.

(૩) મહામંત્રીની ગેરહાજરીમાં ત્રણમાંથી એક સહમંત્રી એ મહામંત્રીની કામગીરી બજાવવાની રહેશે.

**(ઈ) <u>સંગઠન મંત્રીઓ</u> :–**

ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) સાથે સંલગ્ન તમામ સમાજો સાથે તથા તાલુકા યુનિટો સાથેસંગઠનની કામગીરી બજાવવી, કારોબારી સોંપે તેવા અન્ય કામો કરવા.

**(ફ) <u>ખજાનચી</u> :–**

(૧) હિસાબના પધ્ધત્તિસર ચોપડા રાખવા.

(૨) નોમીનલ સભ્ય ફી, પ્રાથમિક સભ્ય ફીમ, આજીવન સભ્ય ફી, સંસ્થા સભ્ય ફી, દાન વગેરે એકત્ર કરવા, બીજા હીસાબો, લેવડ દેવડના નાણાં યોગ્ય વ્યવસ્થિત પધ્ધતિથી ઉઘરાવવા અને તેની પહોંચ આપવી.

(૩) કારોબારી સમિતીએ મંજુર કરેલા બીલોની ચુકવણી કરવી.

(૪) કારોબારી સમિતિમાં મંજુરી માટે દ્વિમાસિક ખર્ચ હિસાબો તેમજ વાર્ષિક અહેવાલ મહામંત્રી મારફતે કારોબારીમાં મુકવા તૈયાર કરવો.

(૫) કારોબારીની વખતો વખતની મંજુરીથી હાથ ઉપર સિલ રાખી શકાશે.

(૬) દર વર્ષે હિસાબોનું ટ્રસ્ટના નિયમોની જોગવાઈ મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવવું.

(૭) વાર્ષિક હિસાબો રજુ કરતા પહેલાં આંતરિક ઓડીટર પાસે હિસાબો ખરાઈ કરીને કારોબારીને રજુ કરવાના રહેશે.

**૧૭. <u>નાણાં ભંડોળ અને અન્ય આવકો</u> :**

(અ) બંધારણની જોગવાઈ પ્રમાણે આવેલ નોમીનલ સભ્ય ફી, પ્રાથમિક સભ્ય ફી, સંસ્થા સભ્ય ફી, તાલુકા યુનિટ સભ્ય ફી, દાન, સરકારશ્રીની સહાય, સબસીડી.

(બ) સભ્યો પાસે કે સભ્યો ધ્વારા રમત ગમત કે સહાય માટે ગોઠવેલ મનોરંજન કાર્યક્રમ કે અન્ય કોઈ સ્વરૂપના મનોરંજનો કે અન્ય કોઈ સાધનો ધ્વારા મેળવેલ ફાળો.

(ક) સરકારી ખાતા કે પેઢી કે કોઈ નાણનાંકીય સંસ્થા પાસેથી મળેલ જે તે વિષયને લગતી લોન કે સહાય અનુદાન શરતો મુજબ.

**(અ) <u>ઉપયોગ</u> :–**

(૧) કારોબારી વખતોવખત નકકી કરે તેટલી રકમ ખજાનચી ચાલું ખર્ચને પહોંચી વળવા હાથ ઉપર રાખી શકશે. વધારાની બધી રકમ નકકી કરેલ રાષ્ટ્રિયકૃત બેન્કમાં જમા કરવામાં આવશે અને બેન્કની પાસબુક અને રશીદો ઈત્યાદી ખજાનચીનાં હવાલામાં રહેશે.

ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની બધી જ કિંમતી ચીજ વસ્તુઓ ખજાનચીનાં ચાર્જમાં રહેશે અને તે ભંડોળ રક્ષક તરીકે ફરજો બજાવશે.

(૨) બેન્કનું ખાતુ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના નામે રાષ્ટ્રિયકૃત બેન્કમાં ખોલાવવાનું રહેશે અને કારોબારી ઠરાવે તે રીતે સંયુકત નામે ખાતાનો વ્યવહાર થઈ શકશે. પ્રમુખ, મહામંત્રી પૈકી કોઈ પણ એકની સહી, પરંતુ ખજાનચીની સહી ફરજીયાત રહેશે.

(૩) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં સંચાલન અંગેનાં ખર્ચની ચુકવણી આ ભંડોળમાંથી કરવામાં આવશે.

(૪) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં ઉદ્દેશોમાં જણાવેલ તમામ પ્રવૃત્તિ માટેનો ખર્ચ આ ભંડોળમાંથી જ કરવામાં આવશે.

(૫) કોઈપણ પ્રયોજક કે હોદ્દેદાર/સભ્યે આવશ્યક સંજોગોમાં પોતાનાં અંગત નાણાંમાંથી ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) અંગેનો ખર્ચ કરેલ હશે તો તે ખર્ચની રકમ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) પાસેથી મેળવવા હકકદાર રહેશે.

### (બ) <u>સંસ્થાનાં હિસાબો</u> :–

સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી અધિનિયમમાં ઠરાવેલ નિતિ–નિયમો મુજબ સંસ્થાનાં વાર્ષિક હિસાબોનું ઓડિટ કરવામાં આવશે.

### (ક) <u>હિસાબી વર્ષ</u> :–

૧ લી એપ્રિલ થી ૩૧ માર્ચ નાણાંકિય હિસાબી વર્ષ ગણાશે.

## ૧૮. <u>દરેક સંસ્થા/સભ્યોનાં હકકો અને ફરજો</u> :–

### (અ) <u>હકકો</u> :–

(૧) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની બેઠકની કાર્યસૂચિ પરની કોઈપણ બાબતે મુકત અને સંપૂર્ણપણે ચર્ચા કરવાનો.

(૨) સુચનો મુકવાનો કોઈપણ સભ્ય કે હોદ્દેદારનાં કાર્ય ઉપર વિચાર પ્રદર્શીત કરવાનો કે ચર્ચા કરવાનો, જો કે તેવી ચર્ચા ખુલ્લા દીલની મુકત અને રચનાત્મક તથા કાર્યસૂચિ પુરતી મર્યાદિત હોવી જોઈએ.

(૩) મતાધિકારનો ઉપયોગ કરવાનો ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં કોઈપણ હોદ્દા માટે ઉમેદવારી કરવાનો, ચૂંટણી લડવાનો.

(૪) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં કોઈ સભ્ય કે હોદ્દેદારોનાં કાર્યો સામે પ્રશ્ન ઉઠાવવાનો નાણાંકિય બાબતો વિશે સ્પષ્ટતા માંગવાનો હકક રહેશે, જે ફેડરેશન પુરતો મર્યાદિત રહેશે.

(૫) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નો સભ્ય ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં કોઈપણ દસ્તાવેજની નકલ રૂા. ૨૦/–ભરીને અરજી કરવાથી ૩૦ દિવસમાં પાના દિઠ રૂા.૨/– ભરીને મેળવી શકશે.

## (બ) <u>ફરજો</u> :–

(૧) તેણે કે તેણીએ પૂર્ણ શકિતથી ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નું હિત, એકવાકયતા અને ઐકય જાળવવું અને વિકસાવવું.

(૨) શિસ્ત વર્તનની નિયમાવલી અને વર્તણુંકનું પાલન કરવું, જાળવણી કરવી અને વેગશીલ બનાવવાની, જેની બધા સભ્યોએ પછી તે હોદ્દેદાર હોય કે ન હોય પણ જવાબદારીપૂર્ણ વર્તન કરવું.

(૩) જવાબદારીનું પ્રમાણિકતાનું ઉંચું ધોરણ રાખવું અને સમાજને વિશાળ દૃષ્ટિએ જાતિ પ્રત્યેના પોતાના કર્તવ્યો વિશે સભાન રહેવું.

(૪) સમાજનાં હિત અને કાર્ય માટે અડગ, પ્રમાણિક અને વફાદાર રહેવું.

(૫) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની એકવાકયતાને હાનીકારક અને ચૌધરી સમાજનાં વિકાસને પ્રતિકુળ થનાર લાગે તેવા કોઈપણ બળની સામે એકત્ર થઈ લડવું.

(૬) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં નેજા હેઠળ લાયબ્રેરી, સામયિકો કે પુસ્તકો દૈનિક પત્રો બહાર પાડવાની કામગીરીમાં સ્વૈચ્છાએ જોડાવું.

(૭) ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) નાં હેતુઓ બર લાવવા થનાર ખર્ચ વિશે કારોબારી બહુમતીએ નિર્ણય કરીને ભંડોળ એકત્ર કરવા આહવાન કરે ત્યારે શકય તેટલી મદદ કરવા તૈયાર રહેવું.

## ૧૯. <u>અવિશ્વાસની દરખાસ્ત</u> :–

(અ) ચેરીટેબલ ટ્રસ્ટખ (ફેડરેશન) નાં કોઈપણ હોદ્દેદારો સામે ૨/૩ બહુમતીથી અવિશ્વાસની દરખાસ્ત લાવી શકાશે અને નિર્ણય વાર્ષિક સાધારણ સભા અથવા અસાધારણ સભા બોલાવીને લેવામાં આવશે. જે સભ્યો અસાધારણ સભા બોલાવે તેમણે કારોબારી નકકી કરે તે તમામ ખર્ચ પ્રથમ જમા કરાવવાનો રહેશે.

(બ) કારોબારી કે અસાધારણ સભામાં દરખાસ્ત મુકનાર સભ્યોએ તે અંગેના કારણો રજુ કરવાનાં રહેશે. કારણ કે ઉપર ચર્ચા વિચારણા બાદ કારોબારી ૨/૩ બહુમતીથી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે પછી તેવા હોદ્દા ઉપરથી પ્રમુખને રાજીનામું આપી છૂટા થવાનું રહેશે. પ્રમખના કિસ્સામાં ઉપપ્રમુખને રાજીનામું આપવાનું રહેશે.

(ક) સામાન્ય સભા ૨/૩ સભ્યની બહુમતીથી આખી કારોબારી પર અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે ત્યારે આવી કારોબારીએ રાજીનામું આપવું પડશે, પરંતુ નવી કારોબારીની

રચના ન થાય ત્યાં સુધી કાર્યકારી ધોરણે ચાલું રહેશે, પરંતુ નીતિ વિષયક નિર્ણયો તેમજ ખર્ચ કરી શકશે નહીં.

## ૨૦. <u>રાજીનામું આપવા બાબત</u> :–

(અ) હોદ્દેદારોએ હોદ્દા પરથી તેમજ કારોબારી સભ્યોએ કારોબારીમાંથી છૂટા થવા માટે રાજીનામાંની લેખિત જાણ પ્રમુખને સંબોધીને કરવાની રહેશે. આ રાજીનામું કારોબારી સમક્ષ આગામી કારોબારીમાં વિચારણા માટે રજુ કરવાનું રહેશે.

(બ) રાજીનામું મંજુર કરવાની સત્તા કારોબારીને રહેશે.

## ૨૧. <u>સામાન્ય</u> :–

(૧) સામાન્ય સભા વખતેચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની કામગીરીને લગતા પોતાનાં વિચારો કે મંતવ્યો પ્રમુખશ્રીની અનુમતીથી રજુ કરી શકાશે અને સભામાં શિસ્ત જળવાય તે રીતે વર્તન કરવાનું રહેશે.

(૨) કારોબારીની સામાન્ય સભા વખતે કોઈ સભ્યની ગેરવર્તણૂંક માટેનો સભાનો ત્યાગ કરવા માટેનો આદેશ પ્રમુખ આપી શકશે.

(૩) કારોબારી સમિતી કોઈપણ સભ્યની ગેરવર્તણૂંક માટે તેનું સભ્યપદ કામચલાઉ મોકૂફ રાખી શકશે અથવા સભ્યને ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની કાર્યવાહીમાં ભાગ લેવા દેશે નહીં.

(૪) અસાધારણ કે આકસ્મિક સંજોગો હોદ્દેદારો તથા કારોબારી સમિતીની હોદ્દાની મુદ્દતમાં વધુમાં વધુ ૩–માસ સુધી લંબાવવાનો નિર્ણય સામાન્ય સભા લઈ શકશે.

(૫) સામાન્ય સભા અને કારોબારી સમિતી ધ્વારા પસાર કરવામાં આવેલા નિયમો, ઠરાવો અને નિર્ણય સંઘનાં દરેક સભ્યોને બંધનકર્તા રહેશે.

(૬) ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નાં હિસાબી દફતરો–દસ્તાવેજો અને કરારો તથા ગિરો–અદલા બદલી ઉપર કારોબારી ને સંપૂર્ણ સત્તા રહેશે.

(૭) ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) જયાં તે સભ્ય થવાને પાત્ર હશે ત્યાં સભ્ય બની શકશે.

(૮) કારોબારીના કોઈ પણ ઠરાવ સામે સાધારણ સભામાં અપીલ કરી શકાશે, પરંતુ કારોબારીના નિર્ણયથી નારાજ થયેલા કોઈ પણ સભ્યએ આવા નિર્ણયની તારીખથી ૧ માસમાં આ અંગે ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના પ્રમુખશ્રીને અપીલ અરજી કરવાની રહેશે. જો કારોબારી સભ્ય અપીલ કરતા હોય તો પ્રથમ કારોબારીમાંથી રાજીનામું આપવાનું રહેશે. સામાન્ય સભામાં કારોબારીના નિર્ણય વિરુધ્ધ જો ઠરાવ પસાર થાય તો

આ નિર્ણય સામાન્ય સભા તારીખથી અમલમાં આવશે અને તે પહેલાં કારોબારીના ઠરાવને આધારે થયેલું સઘળું કામકાજ કાયદેસરનું ગણાશે.

(૯) શુભ ઈરાદાથી કારોબારીએ અથવા કારોબારી સભ્ય તરીકે કામ કરતા કોઈ પણ શખ્સે કરેલા કામો પાછળથી એમ માલુમ પડે કે કારોબારી કે કારોબારી સભ્યની નિમણુંક ખામી ભરી હતી તો પણ તે કારોબારી અથવા કારોબારી સભ્ય કાયદેસર નિમાયેલ છે તેમ ગણી તે કામો કાયદેસરના ગણાશે. સિવાય કે તેવા કામો બંધારણ સાથે બિલકુલ અસંગત હોય.

## ૨૨. બંધારણમાં ફેરફાર અંગે :–

બંધારણમાં સુધારો કે ફેરફાર કરવાની સત્તા સામાન્ય સભાને રહેશે. સામાન્ય સભા અથવા કારોબારી સભ્યો તરફથી બંધારણમાં સુધારા વધારા માટેની દરખાસ્ત કારોબારીએ મંજુર રાખ્યા પછી જ સામાન્ય સભામાં વિચારણા કરવામાં આવશે અને સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યો ૨/૩ સભ્યોની બહુમતીથી બંધારણમાં ફેરફાર કરી શકશે અને તેની ચેરીટી કમિશનરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

## ૨૩. મેમોરેન્ડમ ઓફ એસોસીએશ રૂલ્સ એન્ડ રેગ્યુલેશન (ધારાધોરણ) ના અર્થઘટ :

(૧) આ મેમોરેન્ડમ ઓફ એસોસીએશન એન્ડ રૂલ્સ રેગ્યુલેશન (ધારાધોરણ) માં કોઈ પણ ભાગના અર્થ કે અર્થઘટન માટે વિખવાદ ઉભો થાય તો તેનો અર્થ કે અર્થઘટન કારોબારી સીમતિ ઠરાવશે, અને તેનો નિર્ણય આખરી ગણાશે.

(૨) આ બંધારણમાં મંડળ, સંસ્થા, ટ્રસ્ટ, સમાજ, મહાસંઘ, ફેડરેશન શબ્દ વપરાયો હોય તેનો અર્થ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નું નામ સૂચવે છે.

## ૨૪. ફેડરેશન બંધ કરવા અંગે :–

કોઈ પ્રતિકુળ સંજોગોમાં ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) બંધ કરવાની ફરજ ઉભી થાય તો ચેરીટી કમિશનરશ્રીની મંજુરી લઈ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની સામાન્ય સભાએ ૨/૩ સભ્યોની બહુમતીથી નિર્ણય લેવાનો રહેશે. તે સમયે ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની મિલકત તથા રોકડ રકમ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) માં જોડાયેલા જુદા જુદા ચૌધરી સમાજો તથા તાલુકા યુનિટોને વરાડે પડતા હિસ્સે વહેંચણી કરવાની રહેશે. અથવા આવાજ પ્રકારની કાર્યવાહી કરતી અન્ય સંસ્થાને ચેરીટી કમિશનરશ્રીની મંજુરી મેળવીને આપવામાં આવશે.